PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૩/કવા–૦૨/૧૬--૧૭/ ૬૫૧૮ તા. ૨૧/૧૦/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મીત–૦૩ ઓનર્સ એસોસીયેશન,
– મીત હાઈટસ –,
જગન્નાથ ચોક,
ન્યુ કોલેજ વાડી રોડ,,
કાલાવડ રોડ,
રાજકોટ
મો: ૯૪૨૭૫ ૬૩૨૩૬

વિષય :--રી સર્વે કરાવી ન્યાય અપાવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૯–૦૯–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૩/કવા--૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૩ )

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી. પીજીવીસીએલ, લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 02 / A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૯૩/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૨૯–૦૯–૧૬ સ્થળ :–રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: મીત–૦૩ ઓનર્સ એસોસીયેશન,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર વતી તેમના પ્રતિનીધી તરીકે રામપ્રકાશ અમૃતલાલ રામાનુજ હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ)

રજુઆત કરનાર :ડી.એમ.ભાલાણી, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૨ ,રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : રી સર્વે કરાવી ન્યાય અપાવવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ તેમના પ્રતિનીધી દ્રારા રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના ન્યુ કોલેજવાડી મેઈન રોડ, એવા જગન્નાથ ચોક વિસ્તાર મા, મીત–૦૩ રહેણાક ના ટાવર મા, તેઓના નવા ઘરવપરાશ વીજજોડાણો, જે ડી–કેટેગરી હેઠળ, પીજીવીસીએલ તરફથી મંજુર કરાયેલ છે. પરંતુ, મંજુર કરાયેલ સદર જોડાણો માટે નુ, મંજુરી વળા ના ટ્રાન્સફોર્મર નુ સ્થળ, જે પીજીવીસીએલ ની લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી તરફથી, બીલકુલ સાંકળી અને અડચણરૂપ થાય તેવી જગ્યા પર ઉભુ કરવાની કાર્યવાહી હાથ ધરાયેલ છે. આમ, આ મુજબ જો ટ્રાન્સફોર્મર ઉભુ થશે તો, તેઓના રહેણાંક ના ટાવર ને તેમજ રસ્તાને કાયમી ધોરણે નડતરરૂપ રહેશે. જેથી, સદર નવા ટ્રાન્સફોર્મર ને ખરેખર યોગ્ય અને કોઈને નડતરરૂપ ન થાય, તેમજ તાંત્રીક રીતે પણ શકય હોય તેવી જગ્યા પર, ઉભુ કરવા બાબતે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ તેમના પ્રતિનીધી દ્રારા રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના, ન્યુ કોલેજવાડી મેઈન રોડ પર આવેલ, એવા જગન્નાથ ચોક વિસ્તાર મા, રહેણાંક ના હેતુ માટે ઉભા કરાયેલ એવા, પાંચ માળ ના બાંધકામ થયેલ એવા મીત–૦૩ ટાવર મા, પ્રત્યેક ૧.૦ કીવો ના ૦૧ એવા ૧૦ નવા ઘરવપરાશ વીજજોડાણો, તેમજ કોમન થ્રી ફેઇઝ એવુ ૧૧ મુ, ૦૭ કીવો નુ જોડાણ, એક કુલ ૧૧ જોડાણો, જે કુલ ૧૭ કીવો ના વીજવપરાશી વીજભાર માટે મંજુર કરાયેલ છે. અને તે મુજબ, નવુ ૨૫ કીવો નુ ટ્રાન્સફોર્મર, જે ડી–કેટેગરી હેઠળ મંજુર કરાયેલ છે. રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન હેઠળ ના વિસ્તાર મા, બાંધકામ અન્વયે મંજુર કરાયેલ, ઘરવપરાશ વીજજોડાણ ના હેતુ માટે ના રહેણાંક ના ટાવર (બહુમાળી મકાન) મા, નવા ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ના મંજુર ટ્રાન્સફોર્મર નુ સ્થળ, જે રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન માથી બીલ્ડર દ્રારા મેળવવામા આવેલ, પ્રમાણપત્ર ની શરતનં.–(૫) મુજબ – આ જગ્યા, રહેણાંક ના ટાવર વાળી જમીન માહે ની જગ્યા હોવી જરૂરી છે. તે મુજબ ની શરત, અને તાંત્રીક રીતે જણાયેલ યોગ્યતા મુજબ, સદર મંજુર કરાયેલ નવુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની નિયત મંજુરી હેઠળ ની મુળ જગ્યા છે. |

| | |
|---|---|
| **૨.૨** | તેમ છતા, ફરીયાદી અરજદાર ની મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની માંગણી ધ્યાન મા રાખી અને, પીજીવીસીએલ તરફથી મંજુર ટ્રાન્સફોર્મર ની જગ્યા બાબતે, ફરી વખત સ્થળ ચકાસણી, જે ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા કરવામા આવેલ હતી. સદર સ્થળ ચકાસણી સમયે, અરજદાર ને મંજુર કરાયેલ, એવા અરજદાર શ્રી ને વાંધાવાળી જગ્યા વાળા, સદર મંજુર એવા ૨૫ કેવીએ ના ટ્રાન્સફોર્મર પરનો, ૧૭ કીવો ના વીજભાર, જે વૈકલ્પીક રીતે હાલ ની, ભૌગોલીક સ્થિતી ની તાંત્રીક દ્રષ્ટીએ ચકાસણી કરતા, સદર ૧૭ કીવો નો વીજભાર, જે નજીક મા હૈયાત એવા અન્ય ટ્રાન્સફોર્મર પર, અથવા તો નજીક મા હૈયાત એવા અન્ય ટ્રાન્સફોર્મર ને, '' ઓગમેન્ટ '' કરી નવુ ટ્રાન્સફોર્મર લગાડી, અને આપી શકાય તેવી તાંત્રીક શકયતાઓ વાળી વૈકલ્પીક સ્થિતી, પીજીવીસીએલ ને જણાયેલ છે. આમ કરવાથી, અરજદાર ને મંજુર કરાયેલ એવા, નવા ૨૫ કેવીએ ના ટ્રાન્સફોર્મર ને, અરજદાર ની ફરીયાદ મુજબ ના નડતરરૂપ સ્થળ પર ઉભુ કરવાની જરૂરીયાત રહેતી નથી. પરંતુ, હાલ ના તબ્બકે ની ઉપર વર્ણવ્યા મુજબ ની વૈકલ્પીક સ્થિતી / જગ્યા પર, નવા મંજુર ટ્રાન્સફોર્મર નો વીજભાર લાદી, અને હાલ તુરંત જ, અરજદાર ની માંગણી મુજબ ના સદર કુલ ૧૧ જોડાણો ચાલુ કરી શકાય તેમ છે. આ પરીસ્થિતી ની જાણકારી, ફરીયાદી અરજદાર શ્રી ને પણ અપાયેલ છે. જે તેઓએ સ્વીકારેલ છે. |
| **૨.૩** | પરંતુ, સદર મીત–૦૩ બીલ્ડીગવાળા, હૈયાત ૧૦ ગ્રાહકો, જયારે તેમના હૈયાત વીજજોડાણ મા, વીજભાર વધારો માંગશે ત્યારે, અને આ બીલ્ડીગ ના અન્ય ફલેટ મા પણ ભવિષ્ય મા નવા જોડાણો / તેમજ હૈયાત વીજભાર મા વધારો થતા, તે અન્વયે '' સદર મીત–૦૩ બીલ્ડીગ ના, હૈયાત વીજભાર મા થયેલ વીજભાર વધારા અન્વયે થતા, કુલ વીજભાર '' ની સ્થિતી, ભવિષ્ય મા ધ્યાને લેતા, ભવિષ્ય મા જયારે, સદર મીત–૦૩ બીલ્ડીગ માટે અલાયદુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની ખરેખર જરૂરીયાત ઉભી થશે ત્યારે, નવા ઉભા થનાર ટ્રાન્સફોર્મર ની જગ્યા, જે સદર બીલ્ડીગ ની પ્રીમાઈસીસ વાળી જગ્યા, જે પીજીવીસીએલ માટે તાંત્રીક રીતે યોગ્ય અને સલામત, તેમજ આર.એમ.સી. ની શરત મુજબ ની જ જગ્યા, સદર બીલ્ડીગ ના બીલ્ડર / એસોસીયેશને ફાળવવાની રહેશે. તેઅન્વયે નુ, રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર ની બાહેધરી સાથે ની, ફરીયાદી અરજદાર શ્રી (રાજુભાઈ કેશુભાઈ રામાણી) એ, તેમની લેખીત સંમતી આપેલ છે. આમ, ફરીયાદી અરજદાર શ્રી ને ઉપરોકત મુદદા નં.૨.૨ મુજબ ની વિગતે ની, વૈકલ્પીક તાંત્રીક વ્યવસ્થા હેઠળ, જે હાલ, અરજદાર શ્રી ની સદર બાહેધરી હેઠળ, સદર મીત–૦૩ બીલ્ડીગ ના જોડાણો, ચાલુ કરવાની બાબત, જે ફરીયાદી અરજદાર શ્રી એ તેમના તા.૧૫–૧૦–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ, રાજીખુશી થી મંજુર રાખેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૨ મુજબ ની વૈકલ્પીક એવી તાંત્રીક વ્યવસ્થા હેઠળ, અરજદાર ની માંગણી મુજબ ના જોડાણો ચાલુ કરવામા આવશે, તે બાબતે અરજદાર શ્રી પણ સંમત છે. પરંતુ, ભવિષ્ય મા, સદર ટાવર ના વીજભાર વધારા માટે, મુદદા નં. ૨.૩ મુજબ ની વિગતે, ભવિષ્ય મા પીજીવીસીએલ તરફથી નવુ ટ્રાન્સફોર્મર, જે અરજદાર શ્રી ની પ્રીમાઈસીસ મા જ ઉભુ થશે, સદર બાબતે પણ ફરીયાદી અરજદાર શ્રી એ પીજીવીસીએલ સમક્ષ તા.૦૭–૧૦–૧૬ ના રોજ ની, રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર લેખીત બાહેધરી રજુ કરેલ છે. આમ, હાલ ના તબ્બકે, અરજદાર શ્રી ની સદર તા.૦૭–૧૦–૧૬ ના રોજ ની, રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર ની બાહેધરી હેઠળ, સદર મીત–૦૩ બીલ્ડીગ ના જોડાણો, ચાલુ કરવાની બાબત, જે ફરીયાદી અરજદાર શ્રી એ તેમના તા.૧૫–૧૦–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ, રાજીખુશી થી માન્ય રાખેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૧૫–૧૦–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ** લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..